ગાંધીનગર સમાચાર

# જન્મદિને વધામણી



અનંત પટેલ



સતિષકુમાર સી ઠાકર
મો. ૯૪૨૬૩ ૬૭૫૯૬



છાયાબેન વાય પંડ્યા
વહીવટી અધિકારી
તબીબી વિભાગ

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

### રચનાત્મક શોધ દ્વારા

# નવતર પ્રયોગરૂપે સર્જનાત્મક રીતે ભાષા શીખવતી ચિત્રવાર્તાઓ







જરા વિચાર કરો. નગરની એક સરકારી શાળામાં નવી-નવી નિમણૂંક પામેલ એક શિક્ષિકા બાળકોને ભણાવવા જાય છે ત્યારે શ્રમજીવી વિસ્તારની શાળાનાં બાળકો, જેમનાં માતાપિતા અશિક્ષિત છે, સાથે સાથે તેઓ જુદાં-જુદાં રાજ્યોમાંથી આવેલાં હોઈ તે દરેકની ભાષા અલગ છે. આ બાળકોને ભણાવવાં કઈ રીતે ? તેમને કઈ ભાષામાં વાત કરી સમજાવવાં ? વાંચતાં અને લખતાં કરવાં તે માટે શું કરી શકાય ? આ પ્રશ્ન સામે આવીને ઊભો રહે છે ત્યારે શિક્ષિકાના દિમાગમાં એક ઝબકારો થાય છે, તે નવતર પ્રયોગ કરવાનું વિચારે છે. રચનાત્મકશોધ દ્વારા કંઈક સર્જનાત્મક કરવાની તેની લગની તેને અનેક રીતે વિચાર કરવાની ફરજ પાડે છે. તેમાંથી સુઝેલ એક ઉપાય ભાષા સિવાયનું માધ્યમ પસંદ કરી બાળકોને ભણતર પ્રત્યે રસ લેતાં કરવા ચિત્ર વાર્તાઓ સર્જી તે દ્વારા શિક્ષણ આપવાનો વિચાર અમલમાં મૂકે છે. બાળકોને તેમાં ખૂબ મજા પડે છે, ત્યારે આ ચિત્ર વાર્તાઓમાં સીમિત મૂળાક્ષરો અને માત્રાઓ સાથે જોડાક્ષરો વગરની ચિત્ર વાર્તાઓનું સર્જનથાય છે, જેને ખૂબ રિસ્પોન્સ મળતાં તે આગળ વધે છે અને આવી અનેક શાળાઓ અને તેમાં ભણતા વૈવિધ્ય ધરાવતા સમાજો, વિસ્તારો અને રાજ્યોમાંથી આવતાં ભૂલકાઓને સુંદર રીતે સમજાવી શકાય તેવાં પુસ્તકોનું સેજ સર્જન થયું છે તેની વાત આજે મારે કરવી છે.

'ગુજરાતી શીખો : ભાગ - ૧,૨'નાં લેખિકા નિકેતા વ્યાસે ચિત્ર વડે બાળકોને રસમય શૈક્ષણિક વાતાવરણ પૂરું પાડીને ભાષા શીખવવાની રોચક પદ્ધતિ શોધી કાઢી છે. સચિત્ર અને સરળ વાર્તાઓ તથા બાળ મનોવિજ્ઞાનને ધ્યાનમાં રાખી ગુજરાતી ભાષાનાં સેવાકાર્યનું બીડું તેમણે ઝડપ્યું છે. પુસ્તકમાં બાળકોને ભણવામાં ઉપયોગી થાય તેવા જોડાક્ષરો વગરની અને જે તે એકમ અનુસાર ચિત્રવાર્તાઓ છે. બાળકો ચિત્ર વાર્તાઓ થકી વાંચતા થાય એવું બાળ મનોવિજ્ઞાન આધારિત આ પુસ્તક છે.

વળી આ પુસ્તક કોઈપણ માધ્યમમાં ભ ણતા વિદ્યાર્થીઓ અને બિનગુજરાતી વ્યક્તિ પણ શબ્દભંડોળ, જોડાક્ષર વગરના ચિત્ર દ્વારા ગુજરાતી ભાષા શીખીશકે તેવું છે. લેખિકાનો નાવિન્યપૂર્ણ પ્રવૃત્તિઓ દ્વારા અધ્યાપન કરાવવાનો પ્રયોગશીલ સ્વભાવ હોઈ જોડાક્ષર વગરની ચિત્રવાર્તાઓનું તેમણે સર્જન કર્યું છે. પ્રજ્ઞા અભિગમના એકમ અનુસાર મૂળાક્ષર શીખવી તે મૂળાક્ષરોમાંથી બનતા શબ્દોને અધ્યયનાં નિષ્પતિ મળે તેવા ચિત્રવાર્તાનાં દશ્યો દોરી વિદ્યાર્થીઓને ચિત્રવાર્તાઓની નકલ રંગપુરણી કરવા આપે તે રંગ પુરીને આવતા વિદ્યાર્થી પાસે તેઓ તેમાંનું લખાણ વંચાવે. આમ અનૌપચારિક રીતે દઢીકરણ અને મૂલ્યાંકન પ્રક્રિયા દ્વારા વિદ્યાર્થીઓ આત્મવિશ્વાસ પૂર્વક વાંચતા થાય તે પદ્ધતિ અપનાવી અનેક લોકોને ઉપયોગી થવા આ પુસ્તકનું પ્રકાશન કરાયું છે. ગુજરાતી ભાષા અન્ય ભાષાઓના લોનવર્ડ્સથી સભર છે. અંગ્રેજી ભાષાના ચેક, ટિકિટ, કપ, મોબાઈલ, ટીચર, ડૉક્ટર, કાર, કવર વગેરે શબ્દો સહજ જીવનમાં વણાઈ ગયા છે. એ જ રીતે હિન્દી, મરાઠી અને ઉર્દૂ ભાષાના કેટલાક શબ્દો, લોકબોલીના શબ્દોના પ્રયોગ જોઈ શકાય છે. ગુજરાતી શીખો ભાગ-૧માં એકથી આઠ એકમ આવરી લેવામાં આવ્યા છે.

ભાગ-૨માં નવમા અને દસમા પ્રકરણમાં બાકીના મૂળાક્ષરો શીખવ્યા પછી અગિયારમા એકમથી જોડાક્ષરોનો પરિચય અને વ્યાવહારિક વ્યાકરણ છે. તે ઉપરાંત ભાગ-૨માં અર્વાચિન બાળવાર્તાઓ પણ મૂકી છે.

ભાષા શીખી રહેલાં બાળકો, શીખવા માગતાં બાળકો કે મોટી ઉંમરના વ્યક્તિઓને આ બંને પુસ્તકો પ્રારંભિક-ભાષા સાહિત્ય તરીકે ઉપયોગી નીવડે તેમ છે. આ પુસ્તકનું સુંદર નયનરમ્ય છપાઈકામ અને વિવિધરંગી મુખપૃષ્ઠ આકર્ષક અને બાળકોને ગમી જાયતેવું છે. લેખિકાને તેમના આ સર્જનાત્મક પ્રયોગલક્ષી કામ માટે અભિનંદન પાઠવું છું.

ગુજરાતી શીખો : ભાગ-૧,૨
લેખિકા : નિકેતા વ્યાસ
પ્રકાશક : અવનિકા પ્રકાશન, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ - ૨૦૧૮
કિંમત : રૂા. ૨૦૦/-

# આર જી - એસ બી પટેલ કન્યા શાળામાં વાલીમીટિંગ

ગાંધીનગર, તા. ૧૨
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સૅક્ટર-૨૩ ખાતે ધોરણ-૧૨ અને ૧૦ની વિદ્યાર્થિનીઓના વાલીઓની મીટિંગનું આયોજન બે તબક્કામાં કરવામાં આવ્યું હતું.

સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ પરીક્ષામાં વિવિધ વિષયોમાં અપેક્ષા કરતાં ઓછા ગુણ મેળવનારી કે ઓછી અધ્યયન ક્ષમતા ધરાવતી વિદ્યાર્થિનીઓના વાલીઓની મીટિંગનું આયોજન આચાર્ય ગીતેષભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ૧૨૦ જેટલા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમને તેમનાં સંતાનોનાં પરિણામોમાં સુધારો લાવવા માટે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

બીજા તબક્કામાં વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચ પરિણામપ્રાપ્ત વિદ્યાર્થિનીઓના વાલીઓને મીટિંગ યોજવામાં આવી હતી, જેમાં ૭૦ જેટલા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય ગીતોષભાઈ પટેલ, સુપરવાઈઝર ગીતાબેન પટેલ અને શિક્ષકોએ વાલીઓને તેમનાં સંતાનોનાં ઉચ્ચતમ પરિણામો માટે કટિબદ્ધ થવા સલાહ, માર્ગદર્શન આપ્યું હતું.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં

# કુદરતી સંપદાની બચત અંગે વક્તવ્ય



ગાંધીનગર, તા. ૧૨
પેટ્રોલિયમ કન્ઝર્વેશન રિસર્ચ એસોસિએશન દ્વારા શ્રી જે બી પ્રાથમિક શાળામાં વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શાળાના ૫૦૦ વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો.

એસોસિએશનનાં ફેકલ્ટી રાજેશ્રીબેન વાર્ષ્ણેય દ્વારા યુથ એમ્પાવરમેન્ટ અને પેટ્રોલ, ગેસ જેવી કુદરતી સંપદાની બચત અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

આ ઉપરાંત કાર્યક્રમના ભાગરૂપે ઊર્જાબચત અને દસ્તાવેજી ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી હતી તથા ક્વિઝ કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. પ્રથમ ત્રણ ક્રમે વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમના સમાપને વિદ્યાર્થીઓ માટે અલ્પાહારની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

# ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકામાં સેવાકાર્ય





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકાના સુનોક મુકામે ૪ ગામોનાં ૬૧ લાભાર્થીઓને, ગડાદરમાં ૯ લાભાર્થીઓને તથા ખારીમાં ૪ ગામોનાં ૭૦ નિરાધાર વૃધ્ધોને ૩ કિગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સંસ્થા તરફથી આ સેવાયજ્ઞમાં શશીકાન્તભાઈ, રેણુબેન, પ્રવીણભાઈ, યોગેશ તથા મિલિન્દભાઈ જોડાયા હતા.

# ગ્રામભારતી ખાતે યોજાયું અનોખું ગુરુ-શિષ્ય-સહાધ્યાયી મિલન





ગાંધીનગર, તા. ૧૨
ગુજરાતના જાણીતા સાહિત્યકાર, કવિ, ગ્રામભારતી સંસ્થાની ટ્રસ્ટી અને પૂર્વ વિદ્યાર્થી માધવ રામાનૂજના સાંનિધ્યમાં ગ્રામભારતી સંસ્થા ખાતે ગુરુવંદના અને સહાધ્યાયી સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સંસ્થામાં ૫૦ વર્ષ પહેલાં ભણી ગયેલા અને ૨૫ વર્ષ સુધી સંસ્થામાં કાર્યકર તરીકે સેવા આપી નિવૃત્ત થયેલા રૂપસિંહભાઈ ઠાકોરે તેમના ગુરુજનોને શાલ ઓઢાડી સ્મૃતિચિહ્ન આપી ગુરુ પ્રત્યેનો ઋણભાવ અદા કર્યો હતો. તેમની સાથે ભણી ગયેલા સહાધ્યાયી કડવાજી ઠાકોરને ૫૨ વર્ષ બાદ મળીને તેઓ આનંદ-વિભોર બની ગયા હતા.

સંસ્થામાં પ્રાથમિકથી માંડીને સ્નાતક સુધી ૧૫ વર્ષ અભ્યાસ કરી ગયેલા રૂપસિંહભાઈના પુત્ર કિરણસિંહ ઠાકોરે તેમના પ્રાથમિક, માધ્યમિક અને મહાવિદ્યાલયના ૩૮ જેટલા નિવૃત્ત અને હાલમાં કાર્યરત ગુરુજનોને શાલ અને પુષ્પગુચ્છથી સન્માનિત કરીને અનોખો ગુરુભાવ પ્રગટ કર્યો હતો.

એટલું જ નહીં, આ ભાવનાશીલ પિતા-પુત્રએ પૂર્વ વિદ્યાર્થી સંઘના શિષ્યવૃત્તિ ફંડમાં ૧૫ હજારનો આર્થિક સહયોગ પણ આપ્યો હતો.

કાર્યક્રમ અંતર્ગત શ્રી વેદ ઈન્ટરનેશનલ શાળા અને સમર્પણ હોસ્ટેલના વિદ્યાર્થીઓએ મલખમ અને પિરામીડ જેવી કલાઓનું પ્રદર્શન કર્યું હતું.

આ પ્રસંગે ગ્રામભારતીના નિયામક અમૃતભાઈ પટેલ, ટ્રસ્ટીઓ, કાર્યકરો, વિદ્યાર્થીઓ, શ્રી વેદ ઈન્ટરનેશનલ શાળાના મેનેજિંગ ટ્રસ્ટી બાબુભાઈ પટેલ, મેનેજિંગ ડિરેક્ટર ડૉ. ડી બી પટેલ, રૂપસિંહભાઈનાં પરિવારજનો સહિત ગ્રામભારતી પરિવારજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

ઉલ્લેખનીય છે કે આ પ્રસંગે શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ તરફથી પણ સંસ્થાને રૂા. ૫૦૦૧નો આર્થિક સહયોગ આપવામાં આવ્યો હતો.

# ફિનકેર દ્વારા બાળશિક્ષણ જાગૃતિ અભિયાન





## ૪૦થી વધુ જરૂરિયાતમંદ બાળકોને નોટબૂક, ચોપડા, સ્ટેશનરી જેવી અભ્યાસ ઉપયોગી વસ્તુઓની ભેટ ધરવામાં આવી

ગાંધીનગર, તા. ૧૨
ફિનકેર બેન્ક દ્વારા દહેગામ તાલુકાના ઝાલાના મુવાડા ગામે સામાજિક જવાબદારીના ભાગરૂપે બાળશિક્ષણ જાગરૂકતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.


કાર્યક્રમની વિશેષતા એ હતી કે કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે બેન્કની આર્થિક સહાયથી હવે આર્થિક રીતે સક્ષમ બનેલા તિકાભાઈ ઝાલાને ઉપસ્થિત રાખવામાં આવ્યા હતા, જેમણે જાહેરમાં એવું સ્વીકાર્યું હતું કે મારી આર્થિક પરિસ્થિતિને સુદૃઢ બનાવી મને નાણાંકીય રીતે પગભર બનાવવામાં ફિનકેર બેન્કનું સવિશેષ યોગદાન છે. તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૧માં તેમણે ૧૨ હજાર રૂપિયાની લોન મેળવી ત્યારે તેમની પાસે માત્ર ૧ ગાય હતી, ત્યારબાદ ક્રમશઃ તેમણે બેન્ક તરફથી લોન પ્રાપ્ત કરી અને પોતાના પશુપાલન વ્યવસાયનો વિકાસ કર્યો. હાલ તેમની પાસે ૭ ગાયો, ૧ ભેંસ અને તેમને રાખવા માટે સ્વતંત્ર તબેલો પણ છે. તેમની વાર્ષિક આવક ૮ લાખ રૂપિયા સુધી પહોંચી છે.

ફિનકેર બેન્કની ગ્રાહકલક્ષી સરળ પ્રક્રિયા દ્વારા ઘેરબેઠાં લોન મેળવીને આર્થિક રીતે સંપન્ન થયેલા તિકાભાઈના હસ્તે ૪૦થી વધુ જરૂરિયાતમંદ બાળકોને નોટબૂક, ચોપડા, સ્ટેશનરી જેવી અભ્યાસ ઉપયોગી વસ્તુઓની ભેટ ધરવામાં આવી હતી. આ પ્રસંગે સીએસઆર મેનેજર તેજસ જોશીએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ એ દેશનું ભવિષ્ય છે અને દરેક વિદ્યાર્થીને શિક્ષણ માટે સરખી તક, સરખાં સાધનો મળી રહે તેવા ઉમદા આશયથી આ અભ્યાસ સહાય જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પૂરી પાડવામાં આવી છે. કાર્યક્રમના અંત ભાગમાં રિજનલ મેનેજર રમેશ ચૌહાણ દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ ૫૩મો મણકો ॥

જુઓ હોં, આખી ગીતાનું પારાયણ, બેસૂર થવું ન જોઈએ. બેસૂર થયેલી પ્રાર્થના હું સહન નહીં કરું, બંધ કરાવીશ. જિંદગીનાં ૬૨ વર્ષ જેમણે સંવાદિતામાં ગાળ્યા હતા એ બાકીના વર્ષ અસંવાદિતામાં ગાળવા તૈયાર નહોતા. અને કંઈક સદ્ભાગ્ય એવું હતું કે એ વખતે ગાંધીજીના સૌથી નાના પુત્ર દેવદાસે ગીતા પારાયણ કરાવી, પ્રાર્થના પૂરી થયા પછી બાપુએ કહ્યું, ગીતા બોલવાની હજુ ભૂલ્યો નથી. ફિનીક્સના દિવસો હજુ એને યાદ છે. આમ પોતાની રીતે ગાંધી પોતાની વેદના વ્યક્ત કરતા હતા. રવિન્દ્રનાથે પોતાની વેદના વ્યક્ત કરી હતી. એમનાં પત્ની તો બહુ જુવાનીમાં ગયા હતા. એમણે તો એટલી કવિતાઓ લખી કે એમાંથી એક પુસ્તક થયું ને એ પુસ્તકનું નામ જ એમણે સ્મરણ આપ્યું. અને એ સ્મરણની કવિતાઓમાં એક કવિતા એવી છે કે, એ જાણે બાપુ માટે લખી હોય એમ મને લાગે.



પ્રીત આવીને ચાલી ગઈ, પણ જતાં જતાં કહી ગઈ છે કે હજુ બીજો મહેમાન (યમરાજ) આવવાનો છે, એના માટે તું તૈયાર રહેજે.

આ ગમનની કથા આપણે આવતીકાલે કરવાના છીએ, આજે તો માત્ર એટલો જ વિચાર કરી લઈએ કે ગાંધીજીનો જો ભોગ લીધો હોય તો એ આપણા દેશની કટ્ટરતાએ લીધો. અને એ કટ્ટરતાને વિશે જો આપણે વિચાર નહીં કરીએ તો આપણને નુકસાન થશે. માણસને માણસ સાથ નજીક લાવવાનું કામ ધર્મ કરતા હોય, મોટાભાગના ધર્મનો જન્મ જ એ રીતે થયો છે. કે માણસ ને માણસની નજીક લાવે. વિચારોને લીધે, વિચારના ભેદને લીધે, પરંપરાને લીધે, માણસોની એક પછી એક પછી એક આવનારી પેઢીઓને લીધે એ ધર્મમાંથી સંપ્રદાયો થતા જાય છે, સંપ્રદાય પોતે પણ ખરાબ ન્વસ્તુ નથી, સંગીતમાં પણ સંપ્રદાય હોઈ શકે, ઘરાના હોઈ શકે, પણ એ સંપ્રદાયમાં જ્યારે ઝનૂન પ્રવેશે છે, જ્યારે એની અંદર જડતા પ્રવેશે છે ત્યારે એ સંપ્રદાયમાંથી કટ્ટરતા પેદા થાય છે. અને એ કટ્ટરતા આપણે ધારીએ એના કરતાં ઘણા વિશાળ, વધારે વર્તુળનો ભોગ લેતી હોય છે. કટ્ટરતા એ કોઈ એક ધર્મની બાપુકી વસ્તુ નથી. આપણા જ દેશની અંદર લગભગ બધા ધર્મોએ કટ્ટરતા દેખાડેલી છે. પોતપોતાની રીતે કટ્ટરતા દેખાડી છે. કોઈ એક ધર્મમાં કટ્ટરતા હોય એવું નથી, બધા ધર્મોમાં કટ્ટરતા હોય છે, બધાએ એ દેખાડી છે. હા, દરેકને એનાં લક્ષણો હોય છે.

સામાન્ય રીતે કટ્ટર એ જીર્ણ મતવાદી હોય છે. જે એક જૂનો મત હોય એને જ વળગી રહેવાનું. અને આ જ સત્ય એમ માની છેવટ લગી એને વળગી રહેવું એ એનું એક લક્ષણ હોય છે. બીજું એનું લક્ષણ એ હોય છે કે ધર્મના મુખ્ય તત્ત્વોને બદલે ધર્મના બાહ્ય ચિન્હો હોય છે એને જ એ ધર્મ માનવા માંડે છે. ઊભું તિલક હોય તો એક સંપ્રદાય ને આડું તિલક હોય તો બીજો સંપ્રદાય, દાઢી ને ચોટલી. આ બાહ્ય ચિન્હ છે. હું ધારું તો હું ચોટલી ને દાઢી બેય રાખી શકું ને ધારું તો મને બેમાંથી કંઈ જ ન હોય, છતાંય હું ધાર્મિક હોઈ શકું છું.

છતાં ચિન્હ મુખ્ય બની જાય ને ધર્મ ગૌણ બની જાય. ટોપી મુખ્ય બની જાય ને માથું ગૌણ બની જાય. માથાના ઘાટની ટોપી ઘડો, ટોપીના ઘાટનું માથું ન ઘડો એનું નામ કટ્ટરતા. આ કટ્ટરતા એ હિન્દીમાં જેને કહે છે, લકીર કે ફકીર. એ ચીલાચાલુ રસ્તે ચાલવામાં માને છે, આમતેમ ચાલવા જ ન દે. એનું સૌથી મોટું તત્ત્વ હોય તો એ કે તર્ક સાથે એને લેવાદેવા નથી હોતી. એને રિઝન સાથે કોઈ કામ હોતું નથી. તર્ક સાથે ન્હાવાનિચોવવાનો પણ સંબંધ નથી. એ બુદ્ધિ કરતાં બુધુ પર વધારે વિશ્વાસ રાખે છે, માર બુધું ને કર સીધું.

અને આ બૂધું એ પોતપોતાની રીતે પ્રગટ કરે છે. આપણા દેશની અંદર કટ્ટરતા અનેક રૂપે પ્રગટ થયેલી છે. અને કટ્ટરતામાં સ્વરાજ પછી કેટલાક રોલ, નાટકનાં કેટલાંક પાત્રો રિવર્સ થયાં છે. મરનારા, મારનારા, ડરનારા, ડરાવનારા થયા છે. પરંતુ કોઈ એક સંપ્રદાયની બાપુકી સંપત્તિ નથી. બધા સંપ્રદાયો આનાથી ખરડાયેલા છે. અને ધર્મનો મૂળ હેતુ એને લીધે હણાયેલો છે.

૧૯૪૬માં ઓલ ઈન્ડિયા મુસ્લિમ લીગની કારોબારી બેઠકમાં એક ઠરાવ થયો, અને એવે સમયે ઠરાવ થયો કે જ્યારે અંગ્રેજ સરકાર એ તે વખતે કંઈક સત્તા આપવી છે અને પછી બંધારણ સભા કરીને દેશ સ્વતંત્ર થયા પછી કેવી સ્વતંત્રતા આપવી એવી વિચારણા કરતી'તી એ વખતે આ ઠરાવ થયો. મુસ્લિમ લીગને એમ થયું કે અંગ્રેજ સરકાર વચલા ગાળાના પિરીયડમાં કોંગ્રેસે સત્તા પર આવવાની ના પાડી તો અમને જ આપશે. પરંતુ કોંગ્રેસે સત્તા આવ્યા પછી બંધારણ સભાને સ્વીકારી હતી માટે એમણે એટલે અડધી વાત સ્વીકારી છે ને અડધી નહીં, એમ માનીને વાઈસરોયે એમ કહ્યું, અમે અમારી કેબિનેટ કરીને ચલાવીશું, કોઈ બીજાને આપવા નથી તૈયાર. આપણે અંગ્રેજનો પણ વિરોધ કરવાનો છે અને કોંગ્રેસનો પણ વિરોધ કરવાનો છે. ત્યારે એક શબ્દ કારોબારીમાં વપરાયો. અંગ્રેજો પાસે પણ પોતાનાં શસ્ત્રો છે, કોંગ્રેસ પાસે પણ પોતાનું અહિંસાનું શસ્ત્ર છે. આપણી પાસે પણ આપણી પિસ્તોલ છે. પિસ્તોલ વાપરવાનો હવે સમય પાકી ગયો છે. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ